Extra No. 237

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, JULY 2, 2025 / ASHADHA 11, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગના** તારીખઃ **૧૬મી મે, ૨૦૨૫**ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ **જીજી/૭૬/૨૦૨૫/એમએસકે/૫૨૨૯/એફ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Junior Clerk, Class-III, in the Subordinate Services of the Directorate of Sainik Welfare and Resettlement, Gujarat State Recruitment Rules, 2025.

સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવાઓમાં,

જુનિયર ક્લાર્ક (કારકુન), વર્ગ-૩ ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે, ૨૦૨૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીજી/૭૬/૨૦૨૫/એમએસકે/૫૨૨૯/એફ : ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવાઓમાં, જુનિયર ક્લાર્ક (કારકુન), વર્ગ-૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવાઓમાં, જુનિયર ક્લાર્ક (કારકુન), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવાઓમાં, જુનિયર ક્લાર્ક (કારકુન), વર્ગ-૩ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨ માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૫૦ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ;

(ખ) તે ભારતીય સેનામાંનો અથવા ભારતીય વાયુ સેના અથવા ભારતીય નૌસેનામાં તેની સમકક્ષ જગામાંનો એક્સ-સર્વિસમેન (માજી સૈનિક) (ક્લાર્ક) હોવો જોઈશે, જેણે સશસ્ત્ર સેનાઓમાં ઓછામાં ઓછું ૧૫ વર્ષ કામ કરેલું હોય;

(ગ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી, સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અથવા સરકારે માન્ય કરેલ એવી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અથવા લશ્કરી સત્તાધિકારીએ કાઢી આપેલ સ્નાતકનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે ગુજરાત રાજ્યમાં સ્થિત કોઈ એક જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીમાં પોતાની નોંધણી કરાવવાની રહેશે.

૬. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટેના જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મયુરસિંહ વાઘેલા,
સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 22:22:40 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar